હોસ્પિટલની બહાર પેપરાઝી પર ભડક્યો સલમાન ખાન

મુંબઈ, તા.20: સલમાન ખાન મંગળવારે એક નજીકના સંબંધીને મળવા હિન્દુજા હોસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાં તે પેપરાઝી પર ભડકી ગયો હતો. હોસ્પિટલમાંથી એક વીડિયો સામે આવ્યો છે જેમાં તે ખૂબ જ ગુસ્સામાં ચેતવણી આપતો જોવા મળ્યો છે. આ ઘટનાના થોડા સમય બાદ જ સલમાને સત્તાવાર પોસ્ટ કરીને કડક શબ્દોમાં નિંદા કરતા ચેતવણી આપી છે કે, તે 60 વર્ષની ઉંમરે પણ લડવાનું ભૂલ્યો નથી. સલમાન ખાને હોસ્પિટલથી પરત ફર્યા બાદ સત્તાવાર એક્સ એકાઉન્ટ પરથી એક પછી એક 4 પોસ્ટ કરી. છેલ્લી પોસ્ટમાં સલમાન ખાને લખ્યું, "સાઠ વર્ષનો થઈ ગયો છું પણ લડવાનું ભૂલ્યો નથી, આ યાદ રાખી લેજો, જેલમાં નાખશો હાહા હાહા."

અમિતાભ બચ્ચન રૂટિન ચેક-અપ માટે હોસ્પિટલ ગયા, દાખલ થયા હોવાના અહેવાલ ફગાવ્યા



મુંબઈ, તા. ૨૦ (PTI): મેગા સ્ટાર અમિતાભ બચ્ચન દર મહિનાના નિયમિત ચેક-અપ માટે હોસ્પિટલ ગયા હતા. એમ એક સોર્સે જણાવ્યું હતું અને અભિનેતા પેટની તકલીફના કારણે ત્રણ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ થયા હોવાના અહેવાલોને ફગાવી દીધા હતા. ૮૩ વર્ષીય બચ્ચન, જેઓ તેમના બ્લોગ પર નિયમિતપણે પોસ્ટ કરે છે અને તેમના ચાહકો સાથે દરેક અપડેટ શેર કરે છે, તેમણે હજી સુધી આ અહેવાલો પર કોઈ ટિપ્પણી કરી નથી. અભિનેતા મુંબઈમાં તેમના ઘર 'જલસા'ની બહાર 'સંડે દર્શન'માં હાજરી આપતા જોવા મળ્યા હતા, જે એક નિયમિત પ્રક્રિયા છે જ્યાં તેઓ બહાર એકત્રિત થયેલી ભીડને મળે છે અને તેમનું અભિવાદન કરે છે. પરંતુ મંગળવારે રાત્રે મીડિયાના એક વર્ગના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે, અભિનેતાને પેટ સંબંધિત સમસ્યાઓના કારણે વીકેન્ડ દરમિયાન ત્રણ દિવસ માટે નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, એક સોર્સે જણાવ્યું હતું કે બચ્ચન નિયમિત તબીબી તપાસ માટે હોસ્પિટલ ગયા હતા. સોર્સે જણાવ્યું કે, "તેઓ રૂટિન હેલ્થ ચેક-અપ માટે ગયા હતા અને ઘરે પાછા આવી ગયા હતા. તેઓ સામાન્ય રીતે દર મહિને ચેક-અપ માટે જાય છે."

'ધુરંધર 2' પર સેનાની માહિતી લીક કરવાનો આરોપ

નવી દિલ્હી, તા. 20 : રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. દિલ્હી હાઈકોર્ટે બુધવારે કેન્દ્ર સરકાર અને સેન્સર બોર્ડ (સીબીએફસી)ને ફિલ્મ સામે દાખલ કરવામાં આવેલી અરજીની તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. સશસ્ત્ર સીમા બલ (એસએસબી)ના એક જવાન તરફથી જાહેર હિતની અરજી દાખલ કરીને આરોપ લગાવવામાં આવ્યો છે કે, ફિલ્મમાં સેનાના ઓપરેશન સાથે જોડાયેલી ગુપ્ત માહિતીઓ દર્શાવવામાં આવી છે. કોર્ટે જણાવ્યું કે, ફિલ્મ ભલે કાલ્પનિક હોય, પરંતુ સુરક્ષા સાથે જોડાયેલી ચિંતાઓને નજરઅંદાજ કરી શકાય નહીં. ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે આ મામલાની સુનાવણી કરી. કોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય તેમજ સીબીએફસીને આ અરજી પર વિચાર કરીને નિર્ણય લેવા માટે કહ્યું છે.

» કેરલમના તિરુવનંતપુરમ ખાતે યોજાયેલા વાર્ષિક મહોત્સવના ભાગરૂપે પરંપરાગત હાથી ઉત્સવ એટલે કે 'ગજમેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવ દરમિયાન એક શ્રદ્ધાળુ ખૂબ જ પ્રેમપૂર્વક ગજરાજને શરબત પીવડાવી રહ્યો છે.

ભારત-ઈટાલી સંબંધો વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીમાં ફેરવાયા

સંરક્ષણ માટે મજબૂત રોડમેપ અને ૨૦ અબજ યુરોનો વેપાર લક્ષ્યાંક!

ભારતીય નર્સોને ઇટાલીમાં રોજગારની તક અને આતંકવાદી નેટવર્ક સામે સંયુક્ત પ્રહાર કરવા 10 મોટા કરારો ફાઇનલ

રોમ, તા. 20 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની વચ્ચે યોજાયેલી વ્યાપક સ્તરની બેઠક બાદ, ભારત અને ઇટાલીએ પોતાના સંબંધોને વધારીને 'સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' (ખાસ વ્યૂહાત્મક ભાગીદારી)નો દરજ્જો આપ્યો છે. વૈશ્વિક ભૌગોલિક રાજકીય ઉથલપાથલ વચ્ચે બંને દેશોએ સંરક્ષણ ક્ષેત્રે એક મજબૂત રોડમેપ તૈયાર કર્યો છે અને વર્ષ 2029 સુધીમાં પરસ્પર વાર્ષિક વેપારને 20 અબજ યુરો સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. પીએમ મોદીના યુરોપ પ્રવાસના ચોથા અને અંતિમ ચરણમાં રોમ ખાતે આ ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે. બંને નેતાઓએ વૈશ્વિક પડકારો પર ચર્ચા કરતા પશ્ચિમ એશિયાની સ્થિતિ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં ફ્રી શિપિંગ સેવાઓ શરૂ કરવા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ તમામ વિવાદોનો ઉકેલ મુત્સદ્દીગીરી અને વાતચીત દ્વારા લાવવા પર ભાર મૂક્યો હતો. પીએમ મેલોનીએ ચીનની વધતી સૈન્ય દાદાગીરી વચ્ચે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં જહાજોની અવર-જવરની સ્વતંત્રતા જાળવવાનું મહત્વ રેખાંકિત કર્યું હતું.

સંરક્ષણ અને વ્યૂહાત્મક કરારોની મહત્વની વિગતો:

-સંરક્ષણ ઈન્ડસ્ટ્રિયલ રોડમેપ: આ રોડમેપ હેઠળ હેલિકોપ્ટર, નેવલ પ્લેટફોર્મ, દરિયાઈ શસ્ત્રો અને ઇલેક્ટ્રોનિક વોરફેર સહિતના લશ્કરી સાધનોનું સંયુક્ત સંશોધન અને સંયુક્ત ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત એક મેરિટાઈમ સિક્યોરિટી સંવાદ પણ શરૂ કરાશે. -10 મહત્વના એમઓયુ: બંને દેશો વચ્ચે મહત્વના ખનિજો, કૃષિ, દરિયાઈ પરિવહન અને મરીન પ્રોડક્ટ્સ સહિતના ક્ષેત્રોમાં 10 કરારો થયા છે. ઇટાલીની 'ગાર્ડિયા ડી ફાઈનાન્ઝા' અને ભારતના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) વચ્ચે પણ એક એમઓયુ ફાઈનલ થયો છે. -ઈન્ડિયા-ઈટાલી ઈનોવેશન સેન્ટર: બંને દેશોના સ્ટાર્ટઅપ્સ, રિસર્ચ સેન્ટરો અને ઉદ્યોગોને જોડવા માટે આ સેન્ટર પર કામ ચાલી રહ્યું છે. એઆઈ, ક્વોન્ટમ, અવકાશ (ઈસરો અને ઈટાલિયન સ્પેસ એજન્સી વચ્ચે) અને સિવિલ ન્યુક્લિયર એનર્જી સેક્ટરમાં સહયોગ વધારવામાં આવશે.

ટ્રમ્પની સૈન્ય શક્તિઓ પર સંસદની બ્રેક

ઈરાન સામે યુદ્ધ કરવા માટે હવે લેવી પડશે મંજૂરી, વિપક્ષનો પ્રસ્તાવ પાસ!

ટ્રમ્પના 4 સાંસદોએ તેમની વિરુદ્ધ વોટિંગ કર્યું; કાયદો બનવા માટે હજી કપરા ચઢાણ, રાષ્ટ્રપતિ પાસે વીટોનો અધિકાર બાકી

તેલ અવીવ/તેહરાન/વોશિંગ્ટન : અમેરિકી સંસદમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સૈન્ય શક્તિઓને સીમિત કરવાવાળો પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. વોટિંગમાં 4 રિપબ્લિકન સાંસદોએ પણ વિપક્ષી પાર્ટી ડેમોક્રેટ્સનો સાથ આપ્યો હતો. જોકે, 3 રિપબ્લિકન સાંસદ વોટિંગમાં સામેલ થયા ન હતા. આ પ્રસ્તાવ 50-47થી પાસ થયો. જોકે, તેને કાયદો બનવા માટે હજી કેટલાક વધુ તબક્કાઓમાંથી પસાર થવું પડશે. જો આ પ્રસ્તાવ કાયદો બને છે તો ટ્રમ્પ સરકારને ઈરાન વિરુદ્ધ યુદ્ધ ચાલુ રાખવા માટે કોંગ્રેસની મંજૂરી લેવી પડશે. હજી સેનેટમાં આના પર અંતિમ વોટિંગ થવાનું બાકી છે. ત્યાર બાદ આને રિપબ્લિકન બહુમતીવાળી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાંથી મંજૂરી લેવી પડશે. જોકે, ત્યાર પછી પણ ટ્રમ્પ આની વિરુદ્ધ વીટો કરી શકે છે. પછી તે વીટોને રદ કરવા માટે સેનેટ અને હાઉસ બંનેમાં બે-તૃતીયાંશ બહુમતી જોઈશે, જે હાલમાં મુશ્કેલ માનવામાં આવી રહી છે. આ વોટ વિપક્ષ માટે મોટી જીત માનવામાં આવી રહ્યો છે જેઓ કહી રહ્યા હતા કે અમેરિકામાં યુદ્ધ શરૂ કરવાનો અથવા સેના મોકલવાનો અધિકાર રાષ્ટ્રપતિ પાસે નહીં, પણ સંસદ પાસે હોવો જોઈએ. અમેરિકી બંધારણમાં પણ આ જ વ્યવસ્થા આપવામાં આવી છે. આ પ્રસ્તાવને વર્જિનિયાના ડેમોક્રેટ સેનેટર ટિમ કેન લઈને આવ્યા છે.

કોર્ટરૂમની ટિપ્પણી સામે યુવાનોનો 'ડિજિટલ પલટવાર'

ભારતમાં ધૂમ મચાવી રહી છે 'કોકરોચ જનતા પાર્ટી'!

સુપ્રીમ કોર્ટના સીજેઆઈના 'કોકરોચ' શબ્દ સામે બેરોજગાર યુવાનોનો અનોખો આક્રોશ

માત્ર ૩ જ દિવસમાં ૨૦ લાખથી વધુ સભ્યો અને ઇન્સ્ટાગ્રામ પર ૪૦ લાખ ફોલોઅર્સ

નવી દિલ્હી, તા. 20: કોર્ટરૂમની એક વિવાદાસ્પદ ટિપ્પણીમાંથી જન્મેલી વ્યંગાત્મક રાજકીય ચળવળ 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) હાલ ભારતમાં જોરદાર ડિજિટલ ટ્રેન્ડ બની ગઈ છે.

સત્તાવાર નોંધણી વગરની આ પાર્ટીએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવીને માત્ર 3 જ દિવસમાં 20 લાખથી વધુ સભ્યો બનાવ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર તેના 40 લાખથી વધુ ફોલોઅર્સ છે.

15 મેના રોજ સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે કથિત રીતે નકલી ડિગ્રીવાળાઓના સંદર્ભમાં યુવાનોને 'કોકરોચ' કહ્યા હતા. મીડિયામાં આ નિવેદન વાયરલ થતાં બેરોજગાર યુવાનોમાં ભારે રોષ ફેલાયો હતો.

16 મેના રોજ ગૂગલ ફોર્મ દ્વારા માત્ર એક ઈન્ટરનેટ જોક તરીકે શરૂ થયેલી આ ઝુંબેશ કલાકોમાં જ એક મોટા ડિજિટલ વિરોધ પ્રદર્શનમાં ફેરવાઈ ગઈ. આ મુવમેન્ટ બોસ્ટન યુનિવર્સિટીના 30 વર્ષીય વિદ્યાર્થી અને 'આપ'ના પૂર્વ સોશિયલ મીડિયા વોલન્ટિયર અભિજીત દીપકે શરૂ કરી છે. આ પ્લેટફોર્મ સિસ્ટમ દ્વારા અન્યાયનો ભોગ બનેલા યુવાનોનો અવાજ બન્યું છે. તેની સભ્યપદની રમુજી શરતોમાં 'બેરોજગાર' અને 'ક્રોનિકલી ઓનલાઈન' હોવું સામેલ છે.

ભલે આ એક વ્યંગ હોય, પણ પાર્ટીએ બેરોજગારી, પરીક્ષાના વિવાદો અને રાજકીય જવાબદારી જેવા ગંભીર મુદ્દાઓ પર 5-પોઈન્ટનો મેનિફેસ્ટો બહાર પાડ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના નેતા મહુઆ મોઈત્રા, કીર્તિ આઝાદ અને હોટમેઈલના કો-ફાઉન્ડર સબીર ભાટિયા જેવા અગ્રણીઓએ પણ આ મુવમેન્ટને સોશિયલ મીડિયા પર ખુલ્લું સમર્થન આપ્યું છે.

મોદી વિદેશમાં ભારતની પ્રતિષ્ઠા વધારવાનું કામ કરી રહ્યા છે: શરદ પવાર

રાષ્ટ્રીય હિતમાં રાજકીય મતભેદો ન હોવા જોઈએ: શરદ પવાર

સંજય રાઉતે કહ્યું 'અમે સંમત નથી, મોદીએ પ્રેસના સવાલોના જવાબો આપવા જ જોઈએ'

મુંબઈ, તા. 20 (પીટીઆઈ): એનસીપી (એસપી) અધ્યક્ષ શરદ પવારે કહ્યું છે કે, નરેન્દ્ર મોદી સાથે ભલે તેમના રાજકીય મતભેદો હોય, પરંતુ એક વડા પ્રધાન તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા અને ગરિમા વધારવાનું કામ કરી રહ્યા છે. પૂણેની લક્ષ્મણરાવ ગુટ્ટે રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના એક કાર્યક્રમમાં પવારે ભારપૂર્વક કહ્યું કે, જ્યારે રાષ્ટ્રીય હિત અને દેશના સન્માનની વાત આવે ત્યારે રાજકીય મતભેદોને વચ્ચે લાવવા જોઈએ નહીં. તેમણે પૂર્વ વડા પ્રધાનો ઈન્દિરા ગાંધી, પી વી નરસિંહા રાવ અને મનમોહન સિંહના ઉદાહરણો આપી જણાવ્યું કે આ નેતાઓએ હંમેશા દેશના ભવિષ્યને જ કેન્દ્રમાં રાખ્યું હતું.

જમ્મુમાં સરહદ નજીક ડ્રોન દ્વારા ફેંકાયેલું 3 કિલો હેરોઈન પોલીસે જપ્ત કર્યું

જપ્ત કરાયેલ હેરોઇનના જથ્થાની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૫ કરોડ રૂપિયાથી વધુ

જમ્મુ, તા. ૨૦ (પીટીઆઈ): પોલીસે બુધવારે જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ડ્રોન દ્વારા ફેંકવામાં આવ્યો હોવાની આશંકાવાળો આશરે ૩ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો જપ્ત કર્યો છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, સરહદ પારથી માદક પદાર્થોની દાણચોરી અંગે મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે એક સપ્તાહ સુધી રાખવામાં આવેલી દેખરેખ બાદ બિશનાહ સેક્ટરમાંથી આ જથ્થો રિકવર કરવામાં આવ્યો હતો. દરમિયાન, સૂત્રોએ જણાવ્યું હતું કે બિશનાહના બહાદુરખાન પંચાયતમાં એક સ્થાનિક નાગરિકે ટ્રેક્ટર વડે પોતાના ખેતરમાં ખેડાણ કરતી વખતે આ શંકાસ્પદ વસ્તુ જોઈ હતી, ત્યાર બાદ આ પેકેટ જપ્ત કરવામાં આવ્યાં હતાં. અધિકારીઓએ જણાવ્યું કે, માહિતી મળતાં જ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. પોલીસે શંકાસ્પદ વિસ્તારોમાં ચોવીસ કલાક કડક દેખરેખ રાખી હતી અને આ જથ્થો તેના નિર્ધારિત મેળવનારાઓ સુધી પહોંચે તે પહેલાં જ તેને ઝડપી લીધો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "ઓપરેશન દરમિયાન આશરે ત્રણ કિલોગ્રામ વજનનો હેરોઈનનો મોટો જથ્થો મળી આવ્યો છે." અહેવાલો અનુસાર, આ જથ્થાની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૫ કરોડ રૂપિયાથી વધુ છે. અધિકારીઓએ જણાવ્યું કે, માદક પદાર્થની વૈજ્ઞાનિક તપાસ અને પુરાવા એકત્ર કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની એક ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે જણાવ્યું કે, આ જપ્તી સરહદ પારથી માદક પદાર્થોની દાણચોરી માટે ડ્રોનના વધતા જતા ઉપયોગ અને નાર્કો-ટેરર (માદક પદાર્થ સંબંધિત આતંકવાદી) પ્રવૃત્તિઓ સામે વિભાગની વધેલી તકેદારી દર્શાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ દાણચોરીની કામગીરીમાં સામેલ પાકિસ્તાની નેટવર્કના તમામ જોડાણો શોધવા માટે એક વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છે.

પૂર્વ તુર્કીમાં ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ : શાળાઓ ખાલી કરાવાઇ

ઇસ્તંબુલ, તા. ૨૦ (એપી) ઇમરજન્સી સેવાઓએ જણાવ્યું હતું કે, પૂર્વ તુર્કીમાં બુધવારે ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ડિઝાસ્ટર એન્ડ ઇમરજન્સી મેનેજમેન્ટ પ્રેસિડેન્સીના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ સવારે ૯ વાગ્યે માલત્યા પ્રાંતના બટ્ટલગાઝી જિલ્લામાં આવ્યો હતો અને તેની ઊંડાઇ ૭ કિલોમીટર હતી. નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલો નથી, પરંતુ ટીવી દૃશ્યોમાં શાળાઓ ખાલી કરાવવામાં આવતી અને રહેવાસીઓ બહાર દોડી આવતા જોવા મળ્યા હતા. તુર્કી મુખ્ય ફોલ્ટ લાઇનો પર આવેલું છે અને ત્યાં વારંવાર ભૂકંપ આવે છે. ૨૦૨૩માં, ૭.૮ ની તીવ્રતાના ભૂકંપમાં તુર્કીમાં ૫૩,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ પ્રાંતોમાં લાખો ઇમારતો નાશ પામી હતી અથવા તેને નુકસાન થયું હતું.

પેરુમાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ, ઇમારતોને નુકસાન

લિમા (પેરુ), તા. ૨૦ (એપી) મંગળવારે મોડી રાત્રે દક્ષિણ પેરુના પ્રશાંત ક્ષેત્રમાં ૫.૮ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો, જેમાં ૨૭ લોકો ઘાયલ થયા છે અને ઇમારતોને નુકસાન પહોંચ્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. કોઈ જાનહાનિના સમાચાર નથી. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ)એ જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ ઇકા પ્રદેશમાં આવેલા પામ્પા ડે ટેટ નામના શહેરથી ૨૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં ૫૬.૫ કિમીની ઊંડાઇએ હતું. પેરુના સંરક્ષણ મંત્રી અમાદેઓ ફ્લોરેસે આ શહેરની મુલાકાત લીધી હતી અને સેન લુઇસ ગોન્ઝાગા યુનિવર્સિટી સહિત કેટલીક ક્ષતિગ્રસ્ત ઇમારતોનું નિરીક્ષણ કર્યું હતું.

મોદીને સવાલ પૂછીને ચર્ચામાં આવેલી નોર્વેની પત્રકારના ફેસબુક-ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સસ્પેન્ડ?

નવી દિલ્હી, તા. 20: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નોર્વે મુલાકાત દરમિયાન એક સવાલ પૂછીને નોર્વેજીયન પત્રકાર હેલા લેંગ અચાનક ચર્ચામાં આવી ગઈ છે. સોશિયલ મીડિયા પર તીખી પ્રતિક્રિયાઓ અને ટ્રોલિંગ વચ્ચે હવે હેલાએ તેમના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક એકાઉન્ટ સસ્પેન્ડ થયા હોવાનો દાવો કર્યો છે. હેલા લેંગે ખુદ એક્સ પર આ માહિતી શેર કરી છે. ઓસ્લો સ્થિત અખબાર 'ડાગસાવિસેન' માટે કામ કરતી હેલા લેંગે ટ્વીટ કરીને લખ્યું,... ''જો તમે મારો ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છો તો હું તમને જણાવી દઉં કે મારા બંને એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. હું વધુ ને વધુ ભારતીયોને જવાબ આપવા માંગતી હતી, પરંતુ હવે મારા જવાબોમાં વિલંબ થશે. મને આશા છે કે મારા એકાઉન્ટ પાછા મળી જશે.'' હેલા લેંગે તેમના અન્ય એક ટ્વીટમાં તેમણે લખ્યું કે તે આખો દિવસ ઈન્સ્ટાગ્રામ લોગ-ઈન કરવા માટે સંઘર્ષ કરતી રહી. હેલાએ આગળ લખ્યું, ''પ્રેસ ફ્રીડમ માટે આ ચૂકવવી પડતી એક નાની કિંમત છે, પરંતુ મેં આવો અનુભવ પહેલા ક્યારેય કર્યો નથી.''

ઇંડિયન બૈંક Indian Bank — અંકલેશ્વર શાખા, દુકાન નં. ૪ અને ૫, રાજકમલ બિલ્ડીંગ પાસે, જુના એન.એચ. નં. ૮, અંકલેશ્વર જીઆઈડીસી. ફોન : ૦૨૬૪૬-૨૨૫૯૨૫

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંકના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ ને સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજ કરજદાર શ્રી આરિફ મુન્ને પઠાણ ને અમારી અંકલેશ્વર શાખા એ ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૧૪,૪૪,૮૯૪.૮૯ (રૂપિયા ચૌદ લાખ ચુમ્માલીસ હજાર આઠસો ચોરાણુ અને નેવ્યાસી પૈસા પુરા) સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે સેકશન ૧૩(૪)ના રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબજો તારીખ ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર/જામીનદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્ક ની બાકી પડતી રકમ રૂા.૧૪,૮૯,૯૧૯.૫૨ (રૂપિયા ચૌદ લાખ નેવ્યાસી હજાર નવસો ઓગણીસ અને બાવન પૈસા પુરા) જે તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજની બાકી ઉપરાંત તેની ઉપરના વ્યાજ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સમાન મોર્ગેજ મિલકત જમીન ''સહકાર પાર્ક'', પૈકી પ્લોટ નં. ૭૭, વિસ્તારનું માપ ૬૮.૪૨ ચો.મીટર્સ. બિલ્ટપ વિસ્તાર ૬૮.૪૨ ચો.મીટર્સ. જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૬/બી પૈકી, જે સ્થિત ગામઃ કાપોદ્રા, તાલુકોઃ અંકલેશ્વર, જીલ્લો ભરૂચ. જે મિલકત શ્રી આરિફ મુન્ને પઠાણ ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૭૮, દક્ષિણેઃ પ્લોટ નં. ૭૬, પૂર્વે : સોસાયટી રસ્તો, પશ્ચિમેઃ લાગુ પ્લોટ નં. ૮૯.

તારીખ : ૧૯/૦૫/૨૦૨૬ — મુખ્ય પ્રબંધક અને અધિકૃત અધિકારી,
સ્થળ : અંકલેશ્વર — ઈંડિયન બેંક.

ઇંડિયન બૈંક Indian Bank — અંકલેશ્વર શાખા, દુકાન નં. ૪ અને ૫, રાજકમલ બિલ્ડીંગ પાસે, જુના એન.એચ. નં. ૮, અંકલેશ્વર જીઆઈડીસી. ફોન : ૦૨૬૪૬-૨૨૫૯૨૫

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંકના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ ને સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ કરજદાર અને જામીનદાર શ્રી અનિલકુમાર મણી ત્રિપાઠી અને શ્રી શુભમ દુબે ને અમારી અંકલેશ્વર શાખા એ ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. અને જે તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ પ્રકાશિત કરેલ, સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૧૦,૫૦,૪૮૦.૨૬ (રૂપિયા દસ લાખ પચાસ હજાર ચારસો એંસી અને છવ્વીસ પૈસા પુરા) જે સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર અને જામીનદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર અને જામીનદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે સેકશન ૧૩(૪)ના રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબજો તારીખ ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર/જામીનદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્ક ની બાકી પડતી રકમ રૂા.૧૦,૯૩,૨૯૪/- (રૂપિયા દસ લાખ ત્રાણુ હજાર બસો ચોરાણુ પુરા) જે તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજની બાકી ઉપરાંત તેની ઉપરના વ્યાજ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સમાન મોર્ગેજ મિલકત પ્લોટનં. બી-૧૨, બી-૧૩, ''સમતા સોસાયટી'', કુલ વિસ્તારનું માપ ૭૭.૦૦ ચો.મીટર્સ., જમીનનો રેવન્યુ સર્વે નં. ૨૧૬, જે સ્થિત ગામઃ સારંગપોર ની હદમાં, સબ જિલ્લોઃ અંકલેશ્વર અને જિલ્લોઃ ભરૂચ. જે મિલકત શ્રી અનિલકુમાર મણી ત્રિપાઠી ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ પ્લોટ નં. બી/૧૩, દક્ષિણેઃ જોડાયેલ પ્લોટ નં. બી/૧૧, પૂર્વેઃ જોડાયેલ સોસાયટી રસ્તો, પશ્ચિમેઃ જોડાયેલ પ્લોટ નં. બી/૧૭.

તારીખ : ૧૯/૦૫/૨૦૨૬ — મુખ્ય પ્રબંધક અને અધિકૃત અધિકારી,
સ્થળ : અંકલેશ્વર — ઈંડિયન બેંક.

Muthoot Homefin — મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૧૯-એનઇ, ૧૯મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - ૪૦૦ ૦૨૮

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ (૧) હેઠળ.

અધિકૃત અધિકારી, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉક્ત કાયદો) હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. (MHILના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસો જારી કરી છે, જેમાં નીચે જણાવેલા લોનધારકો (જેમને "ઉક્ત લોનધારક" તરીકે સંબોધવામાં આવ્યા છે) ને તેમની સામે જારી કરાયેલી સંબંધિત ડિમાન્ડ નોટિસોમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત લોનધારકને આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર, લોન કરાર અને ઉક્ત લોનધારકો દ્વારા નિષ્પાદિત કરવામાં આવેલા અન્ય દસ્તાવેજો/લખાણો (જો કોઈ હોય તો) હેઠળ ચૂકવવાપાત્ર, નીચે દર્શાવેલી તારીખોથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ વાર્ષિક ૨%ના વધારાના વ્યાજ સાથે, અહીં નીચે દર્શાવેલ રકમ MHILને ચૂકવવા માટે ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લોનધારકો દ્વારા નીચેની અસ્કયામતો અનુક્રમે MHIL પાસે ગીરો મૂકવામાં આવી છે.

ક્રમ નં.	ઉધારકર્તા(ઓ) / સહ-ઉધારકર્તા(ઓ) / જામીનદારનું નામ / લોન ખાતા નંબર / શાખા	કુલ બાકી લેણી રકમ (રૂપિયામાં)	ડિમાન્ડ નોટિસની તારીખ	સુરક્ષિત અસ્કયામતની વિગત (સ્થાવર મિલકત)
1.	શ્યામધારી બેદીભાઈ પાલ / ઇન્દ્રાવતીદેવી શ્યામધારી પાલ / 004-00000661 / સુરત	રૂ.૩,૪૩,૦૯૭/- અંકે રૂપિયા ત્રણ લાખ ત્રેતાલીસ હજાર સત્તાણું પૂરા.	24-Apr-2026	"સિદ્ધિ વિનાયક રેસિડેન્સી"માં પહેલા માળે આવેલ ફ્લેટ નં. ૧૦૧, જેનું બાંધકામ ક્ષેત્રફળ ૪૭.૧૨ ચો.મી. અને જમીનમાં અવિભાજિત હિસ્સો ૧૧.૪૯ ચો.મી. છે, જે રેવન્યુ સર્વે નં. ૨૩/૧, ૨૯/૧, બ્લોક નં. ૯૦ ક્ષેત્રફળ ૦-૬૮-૦૦ હેક્ટર આરે ચો.મી., પૈકી પ્લોટ નં. ૨ જે કે.જે.પી. નં. ૯૦/૨/બી મુજબ ક્ષેત્રફળ ૪૬૦.૨૬ ચો.મી. ધરાવે છે, મોજે ગામઃ સાયણ, તાલુકોઃ ઓલપાડ, જીલ્લોઃ સુરત સ્થિત સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ. ચતુર્દિશા - ઉત્તરેઃ ફ્લેટ નં. ૧૦૨, દક્ષિણેઃ નજીકની મિલકત, પૂર્વેઃ પેસેજ, પશ્ચિમેઃ ઓ.ટી.એસ. (OTS).
2.	જયસિંહ નાનજીભાઈ રાઠોડ / ગીતાબેન જયસિંહ રાઠોડ / 004-00401211 / સુરત	રૂ. ૩,૫૪,૫૦૬/- અંકે રૂપિયા ત્રણ લાખ ચોપન હજાર પાંચસો છ પૂરા.	24-Apr-2026	"શિવમ રેસિડેન્સી પાર્ટ-બી" માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. ૩૦૫, જેનું બાંધકામ ક્ષેત્રફળ ૨૪.૩૪ ચો.મી. અને સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૪૩૧ ચો.ફૂટ છે, જેમાં રોડની જમીનનો અવિભાજિત હિસ્સો ૭.૪૬ ચો.મી. છે, જે રેવન્યુ સર્વે નં. ૩૬૦, બ્લોક નં. ૩૪૭, પૈકી પ્લોટ નં. ૩૧૩ થી ૩૨૪, મોજેઃ કામરેજ, તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત સ્થિત સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ. ચતુર્દિશા - ઉત્તરેઃ એ-વિંગ, દક્ષિણેઃ સી-વિંગ, પૂર્વેઃ ઓપન પ્લોટ, પશ્ચિમેઃ રોડ.
3.	સત્યમકુમાર માવજીભાઈ કંતારિયા / રીતાબેન સત્યમકુમાર કંથારિયા / 004-00402220 / સુરત	રૂ. ૩,૬૧,૫૫૦/- અંકે રૂપિયા ત્રણ લાખ એકસઠ હજાર પાંચસો પચાસ પૂરા.	24-Apr-2026	"શિવમ રેસિડેન્સી, બી-પાર્ટ"માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. ૩૦૬, જેનું બાંધકામ ક્ષેત્રફળ ૨૪.૩૪ ચો.મી. અને સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૪૩૧ ચો.મી. છે, જેમાં રોડની જમીનનો અવિભાજિત હિસ્સો ૭.૪૬ ચો.મી. છે, જે રેવન્યુ સર્વે નં. ૩૬૧, બ્લોક નં. ૩૪૮, પૈકી પ્લોટ નં. ૩૧૩થી ૩૨૪, મોજે ગામઃ કામરેજ, તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત સ્થિત સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ. ચતુર્દિશા - ઉત્તરેઃ એ-વિંગ, દક્ષિણેઃ સી-વિંગ, પૂર્વેઃ નજીકની સોસાયટી, પશ્ચિમેઃ રોડ.
4.	આદર્શકુમાર રામબાબુ દીક્ષિત / કૃષ્ણકાંતિ રામબાબુ દીક્ષિત / 004-00401735 / સુરત	રૂ. ૩,૨૮,૦૯૯/- અંકે રૂપિયા ત્રણ લાખ અઠ્ઠાવીસ હજાર નવ્વાણું પૂરા.	24-Apr-2026	"સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-૨" માં આવેલ "શુકન રેસિડેન્સી-૧"ના બીજા માળે ફ્લેટ નં. ૨૦૬, જેનું સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૩૮૭.૦૦ ચો.ફૂટ એટલે કે ૩૫.૯૭ ચો.મી. અને બાંધકામ ક્ષેત્રફળ ૨૭૮.૪૦ ચો.ફૂટ એટલે કે ૨૫.૮૬ ચો.મી. છે, જેમાં જમીનનો અવિભાજિત હિસ્સો સામેલ છે. જે બ્લોક નં. ૨, ૪, ૫, ૧૧-એ, ૧૨, ૧૩-એ, ૧૪, ૧૫, ૧૬, ૩૯, ૪૦-એ, ૪૧, ૪૨, ૪૩, ૧૫૭, ૩૨૩-એ, ૩૨૫, ૩૨૬ અને નવા બ્લોક નં. ૨, પૈકી પ્લોટ નં. ૨૦૮, ૨૦૯ અને ૨૧૦, મોજેઃ તાતીથૈયા, તાલુકોઃ પલસાણા, જીલ્લોઃ સુરત સ્થિત સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ. ચતુર્દિશા - ઉત્તરેઃ ઓપન પ્લોટ, દક્ષિણેઃ દેવ કોમ્પ્લેક્સ, પૂર્વેઃ આંતરિક રોડ, પશ્ચિમેઃ નજીકનું બિલ્ડિંગ.
5.	જયેશભાઈ દીપકભાઈ પટેલ / લક્ષ્મીબેન જયેશભાઈ પટેલ / 004-00402742 / સુરત	રૂ. ૬,૦૫,૨૬૧/- અંકે રૂપિયા છ લાખ પાંચ હજાર બસો એકસઠ પૂરા.	24-Apr-2026	"હરિકૃષ્ણ રેસિડેન્સી" ના "પ્રથમ માળ" પર આવેલ ફ્લેટ નં. ૧૦૬ની સ્થાવર મિલકત/જગ્યા, જેનું સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૬૦૫ ચો.ફૂટ અને બાંધકામ ક્ષેત્રફળ ૩૦.૯૪ ચો.મી. છે, તેમજ જમીનનો પ્રમાણસર અવિભાજિત હિસ્સો ૬.૨૨ ચો.મી. છે. આ મિલકત ગુજરાત રાજ્ય, જીલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજે ગામઃ બગુમરા ના રેવન્યુ સર્વે નં. ૨૦૮, બ્લોક નં. ૨૭૫ ક્ષેત્રફળ ૨૬૧૬.૦૦ ચો.મી. બિનખેતી જમીન પૈકી, જે "સાંઈવાટિકા રો હાઉસ વિભાગ - ૨" તરીકે વિકસાવવામાં આવી છે તેના પ્લોટ નં. ૧૪ થી ૧૯ ક્ષેત્રફળ ૨૮૯.૮૩ ચો.મી. પૈકી પર આવેલ છે. ચતુર્દિશા - પૂર્વેઃ સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમેઃ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તરેઃ ઓપન પ્લોટ, દક્ષિણેઃ સોસાયટીનો આંતરિક રોડ.
6.	અવિનાશ ભીકા પવાર / સુનંદા ભીખા પવાર / અશ્વિન ભીકાપવાર / 004-00403721 / સુરત	રૂ. ૮,૩૩,૨૬૮/- અંકે રૂપિયા આઠ લાખ તેત્રીસ હજાર બસો અડસઠ પૂરા.	24-Apr-2026	"સાંઈ દીપ રેસીડેન્સી"માં આવેલ પ્લોટ નં. ૬૪, જેનું ક્ષેત્રફળ ૫૩.૩૩ ચોરસ વાર એટલે કે ૪૪.૫૯ ચો.મી. (કે.જે.પી. બ્લોક નં. ૮૮/બી/૬૪ મુજબ ક્ષેત્રફળ ૬૬.૯૨ ચો.મી.) છે. જે બ્લોક નં. ૮/બી (બ્લોક નં. ૮૮ પૈકી, ૧૦૧, ૧૦૨) ક્ષેત્રફળ હેક્ટર આરે ૫-૨૧-૭૨ ચો.મી., મોજે ગામઃ જોળવા, તાલુકોઃ પલસાણા, જીલ્લોઃ સુરત સ્થિત સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ. ચતુર્દિશા - ઉત્તરેઃ નજીકનો પ્લોટ નં. ૬૩, દક્ષિણેઃ પ્લોટ નં. ૬૫, પૂર્વેઃ આંતરિક રોડ, પશ્ચિમેઃ નજીકનો પ્લોટ.

જો ઉક્ત લોનધારકો ઉપરોક્ત મુજબ MHILને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો MHIL ઉક્ત લોનધારકોના જોખમે અને ખર્ચે તેમજ પરિણામોની જવાબદારી સાથે ઉક્ત કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે આગળની કાર્યવાહી હાથ ધરશે. ઉક્ત લોનધારકોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતો વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ રીતે સ્થાનાંતરિત કરવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રેરશે, તે કાયદા હેઠળ પ્રદાન કરાયેલ જેલની સજા અને/અથવા દંડ માટે પાત્ર રહેશે.

તારીખઃ ૨૧ મે,૨૦૨૬, સ્થળઃ સુરત — સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

ઇંડિયન બૈંક Indian Bank — અંકલેશ્વર શાખા, દુકાન નં. ૪ અને ૫, રાજકમલ બિલ્ડીંગ પાસે, જુના એન.એચ. નં. ૮, અંકલેશ્વર જીઆઈડીસી. ફોન : ૦૨૬૪૬-૨૨૫૯૨૫

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંકના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ ને સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ કરજદાર(ઓ) અને માર્ગેજર(ઓ) શ્રી પ્રમોદ મુરલીધર પાઠક અને શ્રીમતિ અજંલી પાઠક ને અમારી અંકલેશ્વર શાખા એ ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૨૮,૩૦,૪૭૯.૯૧ (રૂપિયા અઠ્ઠાવીસ લાખ ત્રીસ હજાર ચારસો નેવ્યાસી અને એકાણુ પૈસા પુરા) સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર(ઓ) અને માર્ગેજર(ઓ) નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર(ઓ) અને માર્ગેજર(ઓ) તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે સેકશન ૧૩(૪)ના રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબજો તારીખ ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર(ઓ) અને માર્ગેજર(ઓ) તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્ક, બાકી પડતી રકમ રૂા.૨૯,૨૧,૪૧૮.૦૧ (રૂપિયા ઓગણત્રીસ લાખ એકવીસ હજાર ચારસો અઢાર અને એક પૈસા પુરા) જે તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજની બાકી અને તેની ઉપરના વ્યાજ સહિતની રકમ બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સમાન મોર્ગેજ મિલકત ફ્લેટ નં. બી/૪૦૨, ચોથો માળ, ''સૂર્યા પેલેસ'' બિલ્ટપ વિસ્તારનું માપ ૬૬.૦૦ ચો.મીટર્સ. સુપર બિલ્ટપ વિસ્તાર ૧૧૦.૦૦ ચો.મીટર્સ. જેની સાથે ૨૮.૨૩ ચો.મીટર્સ માપ ધરાવતી જમીનમાં અવિભાજીત હિસ્સા સહિત. જે સ્થિત જમીન નો રેવન્યુ સર્વે નં. ૨૮૨ પૈકી પ્લોટ નં. એચ-૩૧૮૦ પૈકી, જે સ્થિત ગામઃ ભડકોદરા ની હદમાં, સબ જીલ્લોઃ અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચ. જે મિલકત શ્રી પ્રમોદ મુરલીધર પાઠક ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ ફ્લેટ નં. બી/૪૦૩, દક્ષિણેઃ માર્જિન ખુલ્લી જગ્યા, પૂર્વેઃ ફ્લેટ નં. બી/૪૦૧, પશ્ચિમેઃ જોડાયેલ કમ્પાઉન્ડ દિવાલ.

તારીખ : ૧૯/૦૫/૨૦૨૬ — મુખ્ય પ્રબંધક અને અધિકૃત અધિકારી,
સ્થળ : અંકલેશ્વર — ઈંડિયન બેંક.

ઇંડિયન બૈંક Indian Bank — અડાજણ શાખા, યુજી-૧ સંઘવી ટાવર, અડાજણ હજીરા રોડ, સુરત. ફોનઃ૦૨૬૧-૨૭૮૨૬૭૦.
Email id: adajan@indianbank.co.in

ડિમાન્ડ નોટીસ

ધી સીક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના કાયદાની કલમ ૧૩ (૨) હેઠળની નોટીસ
(૧) શ્રી કિરણ કુમાર તારારામ (કરજદાર અને મોર્ગેજર),
(૨) શ્રીમતિ વીણાદેવી કિરણ કુમાર જે શ્રી કિરણ કુમાર તારારામ ના પત્ની (કરજદાર અને મોર્ગેજર),
સરનામુ: ૧: પ્લોટ નં. ૪૨,''શ્રી વિલ રેસીડેન્સી'', મોજેઃ ટુંડી, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ગુજરાત- ૩૯૪૨૧૦.
સરનામુ: ૨: પ્લોટ નં. ૨૩૭, વિનાયક નગર, ઉધના, સુરત સીટી, ગુજરાત- ૩૯૪૨૧૦.
સરનામુ: ૩: ૧૫૨, કાનપુરા, સાલોદ્રિયા, સુમેરપુર, પાલી, રાજસ્થાન- ૩૦૬૯૦૨.
વિષયઃ લોન ખાતેદાર/રો શ્રી કિરણકુમાર તારારામ અને શ્રીમતિ વીણાદેવી કિરણકુમાર જે ખાતુ અમારી ઈન્ડીયન બેંક, અડાજણ શાખા સાથે.

આપે બેંક પાસે ધીરાણ લીધેલ લોનની રકમ રૂા.૧૨,૨૧,૬૬૭.૦૩ (રૂપિયા બાર લાખ એકવીસ હજાર છસો સડસઠ અને ત્રણ પૈસા પુરા) જેની ઉપર તા.૧૪/૦૫/૨૦૨૬ થી લાગુ વ્યાજ ઉપરાંત સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધીના ભવિષ્યના વ્યાજ સહિતની રકમ ફેરચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છો.

આથી બેંકેતા.૧૪/૦૫/૨૦૨૬ ના રોજ કાયદાની કલમ હેઠળ રૂા.૧૨,૨૧,૬૬૭.૦૩ (રૂપિયા બાર લાખ એકવીસ હજાર છસો સડસઠ અને ત્રણ પૈસા પુરા) જે તા.૧૩/૦૫/૨૦૨૬ ના રોજ ની બાકી નીકળતી રકમની તમારા દ્વારા ભરપાઈ કરવા માટે નોટીસ જાહેર કરેલ છે. જે નોટીસ આપને પોસ્ટ દ્વારા મોકલેલ પણ તે આપને મળ્યા વિના પરત આવેલ છે.

આ નોટીસ દ્વારા આપને જાણ કરવામાં આવે છે રૂા.૧૨,૨૧,૬૬૭.૦૩ (રૂપિયા બાર લાખ એકવીસ હજાર છસો સડસઠ અને ત્રણ પૈસા પુરા) જેની સાથે તા.૧૪/૦૫/૨૦૨૬ થી લાગુ વ્યાજ જે સંપૂર્ણ ચુકવણી થાય ત્યાં સુધીની બાકી રકમ આ નોટીસ પ્રસિદ્ધિના ૬૦ દિવસમાં ભરપાઈ કરી દેવા, જો તેમ કરવામાં કસુર થશે તો બેંક એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટના કાયદા હેઠળ કાર્યવાહી કરશે. બેંક હેઠળ ઉપર જણાવેલા કાયદા અને/અથવા હાલના કાયદા મુજબ આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

આ સાથે આપનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે સરફેસી એકટના કાયદા ૧૩(૮) અને નિયમ હેઠળ આપ સુરક્ષિત મિલકતોને પાછી લેવા માટેના અધિકારો ધરાવો છો.

આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર અને જે હાલના DRT/RO ઓફ DRT/DRAT/કોર્ટ ની કાર્યવાહી પહેલાના અને હુકમ કરેલ કાર્યો હેઠળ કરવાની કાર્યવાહી / હુકમનામું મેળવ્યાના / મેળવ્યાની કાર્યવાહીના હક્કો સહિત સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

સુરક્ષિત મિલકતને લગતી મુખ્ય વિગતો ની તમામ જાણકારી નીચે આપેલ છે.

: મોર્ગેજ એસેટસનું વર્ણન :

મોર્ગેજ એસેટસઃ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જેનો પ્લોટ નં. ૪૨, ''શ્રી વિલા રેસીડેન્સી'', વિસ્તાર માપ ૬૧.૩૯ ચો.મીટર્સ, એટલે કે ૭૩.૪૩ ચો.યાર્ડ (કેજેપી મુજબ માપ ૬૨.૨૫ ચો.મીટર્સ.), જેની સાથે સોસાયટીના ૪૩.૪૪ ચો.મીટર્સ. માપ ધરાવતા કોમન રસ્તા અને સીઓપીમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો બ્લોક નં. ૩૪૩, રેવન્યુ સર્વે નં. ૩૨૯, મોજે ગામઃ ટુંડી, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત. જે મિલકત શ્રીમતિ વીણાદેવી કિરણ કુમાર અને શ્રી કિરણ કુમાર તારારામ ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ પ્લોટ નં. ૪૧, દક્ષિણેઃ જોડાયેલ સોસાયટી રસ્તો, પૂર્વેઃ જોડાયેલ પ્લોટ નં. ૪૩, પશ્ચિમેઃ જોડાયેલ સોસાયટી રસ્તો.

તારીખ : ૧૪/૦૫/૨૦૨૬ — અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત. — (મુખ્ય પ્રબંધક, ઈંડિયન બેંક)